# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૩-૫-૨૦૨૩

- કર્ણાટકમાં થયેલી કોંગ્રેસ પક્ષની ઐતિહાસીક જીતઃ રાજસ્થાન, છત્તીસગઢમાં પ્રજાને જે વચન આપ્યા હતા એ પુરા કર્યા એટલે કર્ણાટકની જનતાએ કોંગ્રેસની સરકારને ચુંટી.
- જનતાએ ૪૦ ટકા કમિશનવાળી ભાજપની ભ્રષ્ટ સરકારને ઉખાડી ફેંકી છે

કર્ણાટકમાં કોંગ્રેસ પક્ષના ઐતિહાસીક વિજય બાદ રાજીવ ગાંધી ભવન ખાતે કાર્યકરો સાથે ભવ્ય ઉજવણી બાદ પત્રકારો સાથે વાત કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય નેતાશ્રીમતી સોનિયા ગાંધીજી, કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી મલ્લિકાર્જુન ખરગેજી, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીજી, કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય મહામંત્રીશ્રી પ્રિયંકાજી દ્વારા કર્ણાટકની જનતાનાં મુદ્દાઓને પ્રચારમાં મજબૂતાઈથી રજૂ કર્યા. કોંગ્રેસ પક્ષનાં તમામ આગેવાનો, નેતાઓ, કાર્યકરો સૌ સાથે મળીને ટીમ કોંગ્રેસ તરીકે કામ કરી કર્ણાટકની જનતાના આશીર્વાદ સાથે અદ્વિતીય ઐતિહાસિક જીત મેળવી છે. કોંગ્રેસ પક્ષે ગરીબોના ન્યાય મુદ્દે લડ્યા અને પ્રેમથી ચૂંટણી લડ્યા હતા. કર્ણાટકના લોકોએ અમને બતાવ્યું કે, આ દેશ પ્રેમને પસંદ કરે છે અને પ્રેમની દુકાનો ખુલ્લી છે તે દરેકની જીત છે. મોંઘવારીમાંથી રાહત માટે મહિલાઓને દર મહિને ૨૦૦૦ રૂપિયા, ૨૦૦ યુનિટ વીજળી ફ્રિ, ૧૦ કિલો ચોખા, મહિલાઓને નિઃશુલ્ક પરિવહન સહિતની જનલક્ષી યોજનાઓને કર્ણાટકની જનતાએ ઉમળકાભેર આવકારી છે. ૪૦ ટકા કમિશનવાળી ભાજપની ભ્રષ્ટ સરકારને જનતાએ ઉખાડી ફેંકી છે. કર્ણાટકની જનતાને આપેલા પાંચ વચનોને કોંગ્રેસ પક્ષ પ્રથમ કેબિનેટમાં જ પૂર્ણ કરશે. કોંગ્રેસ પક્ષે રાજસ્થાન, છત્તીસગઢમાં પ્રજાને જે વચન આપ્યા હતા એ પુરા કર્યા એટલે કર્ણાટકની જનતાએ કોંગ્રેસની સરકારને ચુંટી છે.

બેરોજગારી, મોંઘવારી અને ૪૦ ટકા કમિશનના ભ્રષ્ટાચારને હટાવો જેવા પ્રજાલક્ષી મુદ્દાઓને કોંગ્રેસ પક્ષ દ્વારા મજબૂતિથી ઉઠાવ્યા હતા. જ્યારે ભાજપ દ્વારા કોમવાદી, ભાગલાવાદી, કર્ણાટક વિરોધી નકારાત્મક માનસિકતા સમગ્ર ચૂંટણી પ્રચાર દરમ્યાન જોવા મળી હતી. ભાજપ ભ્રષ્ટાચાર કરે છે એ વાત જનતા હવે જાણી ગઈ છે. કર્ણાટકની પ્રજાના પ્રાણ પ્રશ્નોને બદલે યુવા, ખેડૂત, મહિલા અંગે કોઈ જાહેરાત કે નક્કર નીતિ રજુ કરવામાં આવી ન હતી. ભાજપના નેતા-આગેવાનો દ્વારા ગુંડાગર્દી, ડરાવવા-ધમકાવવા સહિતની નકારાત્મક કામગીરીના ભાગરૂપે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ આદરણીયશ્રી મલ્લીકાર્જુનજીની હત્યા તેમજ તેમના પરિવારને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી આ તમામ પ્રકારની ભાજપની નકારાત્મક માનસિકતાને કર્ણાટકની જનતાએ જાકારો આપી કોંગ્રેસ પક્ષને આપ્યો છે.

કર્ણાટકમાં થયેલી કોંગ્રેસ પક્ષની ઐતિહાસીક જીતની ગુલાલ ઉડાડી, ફટાકડા ફોડી, કાર્યકર્તા-આગેવાનોનું મોઢુ મીઠુ કરાવી ઉજવણી રાજીવ ગાંધી ભવન ખાતે કરવામાં આવી હતી. ઉજવણીમાં એ.આઈ.સી.સી.ના પૂર્વ મહામંત્રીશ્રી દિપક બાબરીયા, રાષ્ટ્રીય પ્રવક્તાશ્રી રોહન ગુપ્તા, કાર્યકારી પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, ધારાસભ્યશ્રી ઈમરાન ખેડાવાડા, મીડીયા કો-ઓર્ડીનેટર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, પ્રદેશ ઉપપ્રમુખશ્રી ડૉ. જીતુભાઈ પટેલ, શ્રી બિમલ શાહ, શ્રી નીશિત વ્યાસ, શ્રી પંકજ શાહ, પ્રદેશ મહિલા પ્રમુખશ્રી જેનીબેન ઠુમ્મર, પ્રદેશ એસ.સી. સેલના ચેરમેનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવક્તાશ્રી રત્નાબેન વોરા, શ્રી હિરેન બેંકર, પાર્થીવરાજસિંહ કઠવાડીયા, શ્રી અમિત નાયક સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ-આગેવાનો જોડાયા હતા અને સૌએ એકબીજાને અભિનંદન પાઠવ્યાં હતા સાથોસાથ કર્ણાટકની જનતાનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

હિરેન બેંકર

હિરેન બેંકર
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ
મો. ૯૭૨૩૫૫૦૩૫૫